aashka HOSPITAL

# આશ્કા સ્પોટલાઇટ

# મેડિકલ હાઇલાઇટ્સ

### મેડિકલ સેવાઓ નું વિસ્તરણ : IVF (ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન) સેન્ટર

અમને જણાવતા આનંદ થાય છે કે અમે ટૂંક જ સમય માં શરુ કરી રહ્યા છે IVF સેન્ટર - એક એવું સ્થળ જ્યાં વિજ્ઞાન અને માનવ આશા ના સંચાર થી નવી જિંદગી નો ઉદય કરી શકાય.

### સારવાર માં શ્રેષ્ઠતા



ગર્ભના અપૂરતા રક્ત પ્રવાહને કારણે એક શિશુની સગર્ભાવસ્થાના 31 અઠવાડિયામાં સિઝેરિયન દ્વારા ડિલિવરી કરવામાં આવી હતી. જન્મ સમયે, શિશુનું વજન 1.2 કિલો હતું અને તેને ડો. કામેશ પટેલ, બાળરોગ નિષ્ણાત ની દેખરેખ હેઠળ આશ્કા હોસ્પિટલ માં નિયોનેટલ ઇન્ટેન્સિવ કેર યુનિટ (NICU) માં તાત્કાલિક દાખલ કરવામાં આવ્યું.

તેના ફેફસાંની અપરિપક્વતાને જોતાં, ફેફસાંના વિકાસને માટે સર્ફેક્ટન્ટ થેરાપી આપવામાં આવી. તેની સ્થિતિમાં સુધારો થતાં રેસ્પિરેટરી સપોર્ટ ધીમે ધીમે ઓછો કરવામાં આવ્યો. પાછળથી, સગર્ભાવસ્થા ની તકલીફોને કારણે ફીડિંગ દ્વારા ખોરાક આપવાના પડકારો ઉભા થયા. ચેપના જોખમને ઘટાડવા માટે હાઈ ડોઝ એન્ટિબાયોટિક્સ અને ધીમા ખોરાક સાથે સારવાર આપવામાં આવી. NICU માં 22 દિવસ રાખવામાં આવ્યું જેમાં શિશુએ સતત પ્રગતિ દર્શાવી, જેના કારણે તેની માતા અને NICU ટીમ બંનેના માર્ગદર્શન હેઠળ કાંગારુ મધર કેર (KMC) શરુ કરવામાં આવી.

પાંચ દિવસ ની KMC સારવાર અને યોજનાપૂર્વક ના ખોરાકના આયોજન પછી, શિશુની તબિયત સ્થિર થઇ અને 1.8 કિગ્રાના સ્વસ્થ વજન સાથે તેને ડિસ્ચાર્જ કરવામાં આવ્યું. ડિસ્ચાર્જ પહેલા જરૂરી મૂલ્યાંકન કરવામાં આવ્યું. તેની ફંડોસ્કોપિક તપાસ, 2D ઇકોકાર્ડિયોગ્રાફી અને સાંભળવાની તપાસ કરવામાં આવી - જેમાં સામાન્ય વિકાસની પુષ્ટિ કરી.

સરગાસણ અને રિલાયન્સ ક્રોસ રોડ વચ્ચે, ગાંધીનગર - 382421, ગુજરાત    75750 06000 | 75750 09366

aashka HOSPITAL

## દર્દીઓનો અભિપ્રાય

### અરિવ શાહ

"મને તાજેતરમાં આશ્કા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ડાયાબિટીસ સંબંધિત ગંભીર કેટોએસિડોસિસ ની બીમારી ના કારણે દાખલ કરવામાં આવી હતી. ICU અને વોર્ડમાં મને મળેલી સંભાળ ઉત્તમ હતી. મારી રિકવરી માં હોસ્પિટલ ના પ્રશિક્ષિત સ્ટાફ નું મોટું યોગદાન રહ્યું. સ્વચ્છતા ઉત્તમ હતી, અને તબીબી ટીમે તમામ સહાય પૂરી પાડી અને પૂરો સહયોગ આપ્યો. હું તેમની અસાધારણ સંભાળ માટે આભારી છું અને આ હોસ્પિટલની અન્યો ને હું સારવાર માટે ભલામણ કરીશ."

aashka HOSPITAL

# હોસ્પિટલ ના ઉત્કૃષ્ઠ કર્મચારી તથા વિભાગ

### શ્રેષ્ઠ ડીપાર્ટમેન્ટ



આઈ.સી.યુ

### શ્રેષ્ઠ કર્મચારી (મેડિકલ)



ગાયત્રી બેગડીયા
(એન.આઈ.સી.યુ / પી.આઈ.સી.યુ)

### શ્રેષ્ઠ કર્મચારી (પૅરામેડિકલ)



દેવાંશી કંસારા
(ફાર્મસી)

### શ્રેષ્ઠ કર્મચારી (નોન મેડિકલ)



સંજય રેવડ
(હાઉસકીપિંગ)

## ઉજવણીમાં સાથે

### 1. નાતાલ ની ઉજવણી














# નિષ્ણાત ની સલાહ

## સગર્ભા સ્ત્રીઓ માટે ઉનાળામાં ધ્યાન માં રાખવા જેવા સૂચનો - ડૉ. ખુશ્બુ પટેલ (સ્ત્રી રોગ નિષ્ણાત)

ભારતમાં ઉનાળો સગર્ભા સ્ત્રીઓ માટે અનન્ય પડકારો ઉભા કરે છે. મુખ્યત્વે ડિહાઇડ્રેશન અને આકરી ગરમીના વધતા જોખમને કારણે, ચક્કર, સોજો તથા અકાળે પ્રસૂતિ જેવી સમસ્યાઓ ઉભી થાય છે. આવી સમસ્યાઓનો સામનો કરવામાં તમારી મદદ કરવા માટે, અહીં ત્રણ અત્યંત અસરકારક સૂચનો આપેલ છે:

### 1. હાઇડ્રેશન માટે માત્ર પાણી નહીં, ઇલેક્ટ્રોલાઇટ્સ પણ લો.

સગર્ભા સ્ત્રીઓને વધુ પ્રવાહીની જરૂર પડે છે, પરંતુ વધુ પડતા સાદા પાણીનું સેવન આવશ્યક ઇલેક્ટ્રોલાઇટ્સને પાતળું કરી શકે છે, જેના કારણે સ્નાયુઓ નું ખેંચાણ અને થાક લાગે છે. તેના બદલે, સોડિયમ અને પોટેશિયમનું યોગ્ય સંતુલન જાળવવા માટે નાળિયેર પાણી, ઘરે તૈયાર કરેલ ઇલેક્ટ્રોલાઇટ પીણાં અથવા ઓરલ રિહાઇડ્રેશન સોલ્યુશન્સ (ORS) નો સમાવેશ કરો.

### 2. તાપમાનમાં અચાનક ફેરફાર ટાળો

અતિશય ગરમીથી વાતાનુકૂલિત જગ્યાઓમાં અચાનક જવાથી બ્લડ પ્રેશરમાં વધઘટ, ચક્કર અને માથાનો દુખાવો થઈ શકે છે. એર-કન્ડિશન્ડ રૂમમાં પ્રવેશતા પહેલા છાંયડાવાળા અથવા અર્ધ-ઠંડા વિસ્તારોમાં થોડી મિનિટો વિતાવીને જાઓ. બહાર નીકળતી વખતે, તમારું માથું ઢાંકો અને પીક અવર્સ (12 PM-4 PM) દરમિયાન સીધા સૂર્યના સંપર્કમાં આવવાનું ટાળો.

### 3. શરીર માટે ઠંડક યુક્ત તથા પૌષ્ટિક ખોરાક પસંદ કરો

માત્ર પ્રવાહીનું સેવન વધારવાને બદલે, પાણીથી ભરપૂર ખોરાક પસંદ કરો જે જરૂરી પોષક તત્વો પણ પ્રદાન કરે છે. દહીં, પલાળેલા તુલસીના દાણા, તરબૂચ જેવા તાજા ફળો અને હળવા મીઠાવાળી છાશ શરીરના તાપમાનને નિયંત્રિત કરવામાં, સોજો અટકાવવા અને પાચનમાં મદદ કરી શકે છે.

aashka HOSPITAL

ઉનાળા દરમિયાન સગર્ભાવસ્થા માં વાતાવરણ ને અનુરૂપ થવું જરૂરી છે. યોગ્ય સાવચેતી રાખવાથી તમે આરામદાયક અને સ્વસ્થ રહી શકો છો. જો તમે સતત સમસ્યાઓ અનુભવો છો, તો તમારા ડૉક્ટરની સલાહ લો.

**રમૂજ**

• હાડપિંજર શા માટે એકબીજા સાથે લડતા નથી ?

**કારણ કે તેમની પાસે ગટ્સ નથી!**